सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૫-૦૮-૨૦૨૪ | | |
| રજીસ્ટરે લીધા તારીખ | ૦૫-૦૮-૨૦૨૪ | | |
| ફેંસલ તારીખ | ૧૩-૦૩ -૨૦૨૬ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૧ | ૦૭ | ૦૮ |

**પલસાણાના મહે. પ્રિન્સિપાલ સિવિલ જજ તથા જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં...**

| | |
|---|---|
| ક્રિમી. કેસ નંબર | **૧૯૦૪-૨૦૨૪** |
| આંક- | **૫૮** |

| | |
|---|---|
| **ફરિયાદી:** | **અલ્પેશ ધીરજલાલ રામાણી**<br>રહે.૫૩, ગોપાલ રેસીડેન્સી, બાપા સીતારામ ચોક, કામરેજ, તા.કામરેજ, જિ.સુરત. |

વિરૂદ્ધ

| | |
|---|---|
| **આરોપી:** | **(૧) કૈલાસબેન નરેન્દ્રભાઇ પટેલ**<br>**(૨) નરેન્દ્રભાઇ અંબારામભાઇ પટેલ**<br>બંને રહે.ડી-૨૭, રાધે રેસીડેન્સી વિભાગ-૨, મોજે મુળદ, તા.ઓલપાડ, જિ.સુરત. |

| | |
|---|---|
| **બાબત:** | **ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ મુજબ.** |

| | |
|---|---|
| ફરિયાદી તરફે વિ. વ. શ્રી | એચ.પી.ગધેથરીયા |
| આરોપી તરફે વિ.વ. શ્રી | પી.સી.દાનાણી |

**-જ જ મે ન્ટ -**

**(૧)** ફરિયાદીની ફરિયાદની ટૂંકમાં હકીકત એવી છે કે, ફરિયાદી બાંધકામનું કામકાજ કરતા હોવાથી અને આરોપીને પોતાના પ્લોટમાં બાંધકામ કરવાનું હોવાથી આરોપી સાથે સંબંધ બંધાયેલ છે. ફરિયાદી બાંધકામ કરતા તે સમયે આરોપીએ ફરિયાદીને ટુકડે ટુકડે નાણાં આપેલા. ત્યારબાદ બાકીની લેવાની નીકળતી રકમ રૂ.૨,૦૦,૦૦૦/- અંકે રૂપિયા બે લાખ પુરા પેટે તા.૨૬.૦૯.૨૦૨૩ના રોજ બાંહેધરી ખત લખી આપેલ બાંધકામની બાકીની રકમનું પેમેન્ટ સમયસર કરી આપવાનો વિશ્વાસ તથા ભરોષો આપેલ.ત્યારબાદ ઉપરોક્ત બાંધકામની કાયદેસની બાકી નીકળતી લેણી રકમ રૂા.૨,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા બે લાખ પુરા)માટે ફરિયાદીએ આરોપી સમક્ષ વારંવાર માંગણી કરતા આરોપીએ ફરિયાદીને ચુકવણી પેટે આરોપીનાએ નીચેની વિગતના ચેકો આરોપી નં.૧ ના બેંક ખાતામાંથી ફરિયાદીને આરોપીની સહીથી બાંહેધરી ખત દરમ્યાન આપેલ ચેકો પૈકી ચેક નં.૦૦૦૦૧૨ માં રૂ.૨,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા બે લાખ પુરા )આરોપી દ્વારા ભરી આપેલ અને બાકીના બાંહેધરી ખતમાં દર્શાવેલ ચેકો આરોપીને પરત કરેલ. ફરિયાદીના નામનો નીચે મુજબનો ચેક લખી આપેલ.

| ક્રમ | બેંકનું નામ | તારીખ | ચેક નંબર | રકમ રૂ. |
|---|---|---|---|---|
| ૧ | બેંક ઓફ બરોડા | ૧૬.૦૫.૨૦૨૪ | ૦૦૦૦૧૨ | ૨,૦૦,૦૦૦/- |

| | | | | |
|---|---|---|---|---|
| | | | કુલ રૂા. | ૨,૦૦,૦૦૦/- |

**(૧.૧)** ઉપરોક્ત ચેક ફરિયાદીએ પોતાની બેંક, આઇ.સી.આઇ.સી.આઇ. બેંકમાં તા.૧૮.૦૫.૨૦૨૪ ના રોજ જમા કરાવતા "FUND INSUFFICIENT" ના શેરા સાથે પરત આવેલ. ત્યારપછી ફરિયાદીએ આરોપી જોડે સંપર્ક કરતા તેઓએ વિશ્વાસ અને ભરોસો આપેલ કે, "તેઓની બેંકમાં કોઇ બેંક ચાર્જ કપાઇ ગયેલ હોવાથી તેઓના બેંકમાં નાણાં ઓછા હશે અને જણાવેલ કે પંદર દિવસ બાદ ચેક ડીપોઝિટ કરતા ચેક ઓનર થઇ જશે".જેથી ફરિયાદીએ આરોપીના કહેવા મુજબ ચેક નં.૦૦૦૦૧૨ વાળો ચેક ફરીવાર ફરિયાદીની આઇ.સી.આઇ.સી.આઇ. બેંકમાં ડીપોઝિટ કરાવતા તે ચેક "FUND INSUFFICIENT" ના શેરા સાથે તા.૦૪.૦૬.૨૦૨૪ના રોજ પરત આવેલ છે. ત્યારપછી ફરિયાદીએ ફરી આરોપી જોડે સંપર્ક કરતા તેઓએ વિશ્વાસ અને ભરોસો આપેલ કે, "તેમની બેંકમાં લોનનો હપ્તો કપાઇ ગયેલ હોવાથી બેંકમાં નાણાં ઓછા હશે અને જણાવેલ કે સાત દિવસ બાદ ચેક ડીપોઝિટ કરતા ચેક ઓનર થઇ જશે". તેથી ફરિયાદીએ આરોપીના કહેવા મુજબ સદરહુ ચેક નં.૦૦૦૦૧૨ વાળો ચેક ફરીવાર ફરિયાદીની આઇ.સી.આઇ.સી.આઇ. બેંકમાં ડીપોઝિટ કરાવતા તે ચેક "FUND INSUFFICIENT" ના શેરા સાથે તા.૧૨.૦૬.૨૦૨૪ના રોજ પરત આવેલ છે.

**(૧.૨)** સદર ચેકો પરત થતાં ફરીયાદી ધ્વારા તરત જ આરોપીને ચેકો પરત થયા અંગેની જાણ કરવામાં આવેલ તેમ છતાં આરોપી ધ્વારા ફરીયાદીની રકમ પરત આપવામાં આવેલ નહી.આરોપીને ધી નેગોશિયેબલ ઇન્સ્ટુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ ૧૩૮ ની

જોગવાઇ અન્વયે તેમના વકીલશ્રી મારફતે આરોપીને લીગલ નોટીસ તા.૨૫.૦૬.૨૦૨૪ના રોજ મોકલેલ, જે નોટિસ આ કામના આરોપીને મળી ગયેલ છે. આરોપીએ ફરીયાદીની લેણી રકમ આપવા ઇનકાર કરેલ અને આજદીન સુધી આરોપીએ ફરીયાદીની લેણી રકમ ચુકવેલનથી.જેથી હાલની ફરીયાદ નામદાર કોર્ટ સમક્ષ દાખલ કરવાની ફરીયાદીને જરૂરિયાત ઉપસ્થિત થયેલ છે.

**(૨)** ફરિયાદીની ફરિયાદ ઉપરથી ફરિયાદ અંગેનું કોગ્નીજન્સ લઈને આરોપી વિરૂધ્ધ નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ મુજબનો સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવેલો. તે સમન્સની બજવણી થતાં આરોપીઓ નામદાર કોર્ટમાં હાજર થતાં બી.એન.એસ.એસ.નીકલમ- ૨૩૦ મુજબ કેસ પેપર્સની નકલો આરોપીઓને વિના મૂલ્યે આપવામાં આવેલી અને ગુના અંગે પૂછતાંઆરોપીઓએ ગુન્હાનો ઈન્કાર આંક-૦૭ અને ૦૮ ના નિવેદનમાં કરેલો અને આખી ટ્રાયલ પૂરતો પુરાવો આપેલો હોઈ સમન્સ ટ્રાયબલચલાવવામાં આવેલ છે.જેથી ફરિયાદપક્ષનો પુરાવો નોંધવામાંઆવેલો.

**(૩)** ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક પુરાવા રજુ થયેલ છે.

**(૩-અ)** ***મૌખિક પુરાવાઓ***

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| **૧** | ફરિયાદી અલ્પેશ ધીરજલાલ રામાણીની સોગંદ ઉપર સરતપાસ | **૦૪** |

**(૩-બ)** **દસ્તાવેજી પુરાવોઃ-**

ફરિયાદપક્ષે પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ

કરવામાં આવેલ છે.

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| **૧** | આરોપીએ આપેલ અસલ ચેક નં.૦૦૦૦૧૨ | **૦૯** |
| **૨** | એજન ચેક પ્રથમ વખત રિટર્ન થયાનો બેંક મેમો અસલ | **૧૦** |
| **૩** | એજન ચેક બીજી વખત રિટર્ન થયાનો બેંક મેમો અસલ | **૧૧** |
| **૪** | એજન ચેક ત્રીજી વખત રિટર્ન થયાનો બેંક મેમો અસલ | **૧૨** |
| **૫** | ફરિયાદીએ આરોપીને મોકલેલ નોટિસની નકલ | **૧૩** |
| **૬** | પોસ્ટ ખાતાની રસીદ | **૧૪** |
| **૭** | આરોપીને નોટિસ મળી ગયા અંગેની પોસ્ટ ખાતાની સ્ટેટસ રિપોર્ટની રસીદ | **૧૫** |
| **૮** | ફરિયાદીને આરોપી દ્વારા લખી આપેલ બાંહેધરી ખતની નકલ | **૧૬** |
| **૯** | ફરિયાદીના બેંકનું સ્ટેટમેન્ટ | **૧૭** |
| **૧૦** | ફરિયાદીની બેંક એકાઉન્ટનો કેન્સલ ચેક | **૧૮** |

ત્યારબાદ ફરિયાદી તરફે આંક-૨૪થી કલોઝિંગ પુરસીસ રજૂ રાખી પોતાનો પુરાવો પુરો થયો હોવાનું જાહેર કરેલ છે. આરોપી દ્વારા બચાવમાં કોઇ પણ પ્રકારનો પુરાવો રજૂ કરવામાં આવેલ નથી.

**(૪)** આ કામે આરોપીઓનું ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ મુજબનું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે.જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે, તેમની પાસેથી ખોટી રીતે ચેકો મેળવી ખોટી ફરીયાદ કરવામાં આવેલ છે.

**(૫)** સદર કામે ફરિયાદી તરફે વિ. વકીલશ્રી એ.બી.પાનસુરીયાએ દલીલ કરતા જણાવેલ છે કે, તેઓએ પોતાનો કેસ પુરવાર કરેલ હોય મહત્તમ સજા તથા દંડ કરવા અરજ ગુજારેલ છે. બચાવપક્ષ તરફે વિ.વકીલશ્રીએ આંક-૪૧ થી લેખિત દલીલ રજુ રાખેલ છે, તથા આંક-૪૩ થી આરોપીઓ તરફે દસ્તાવેજી લીસ્ટ રજુ કરેલ છે, જે

માનસહ વંચાણે લેવામાં આવેલ છે.

**(૬)** ઉપરોક્ત હકીકતે નીચે મુજબના મુદ્દાઓ મારા નિર્ણય માટે ઉપસ્થિત થયેલા છે.

## - મુ દ્દા ઓ -

**૧.** શું ફરીયાદ પક્ષ પુરવાર કરે છે કે આરોપીને નોટીસ બજેલ છે?

**૨.** શું ફરિયાદપક્ષ નિઃશંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીએ ફરિયાદીને કાયદેસરના લેણીની રકમ પેટે ફરિયાદમાં જણાવેલ વિગતનો **૦૦૦૦૧૨** નંબરનો ચેક આપતા ફરિયાદીએ ફરિયાદમાં જણાવેલ વિગતે તેમની બેંકમાં ભરતા રિટર્ન મેમોમાં જણાવેલ કારણોસર સદરહુ ચેકો પરત ફરતા ફરિયાદીએ આરોપીને ફરિયાદમાં જણાવેલ વિગતે રજિ. પો.એ.ડી.થી નોટિસ આપેલ,જે નોટિસ બજવા છતા આરોપીએ લેણી રકમ ચૂકવી આપેલ નથી,અનેતે રીતે ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ નીકલમ-૧૩૮મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

**3.** શું હુકમ ?

**(૭)** ઉપરોકત મુદ્દાઓ અંગે મારા નિર્ણયો તથા કારણો નીચે મુજબ છે.

## -।। નિ ર્ણ યો ।। -

(૧) હકારમા

(૨) હકારમા

(૩) આખરી હુકમ મુજબ.

## -// પુરાવાઓનું મૂલ્યાંકન ।। -

**(૮)** આ કામે ફરિયાદીએ આંક-૦૪થી પોતાનો પુરાવો રજૂ કરેલ છે. જેમાં તેઓએ

આંક-૦૧ મુજબ ની હકીકતો દોહરાવેલ હોય તેની વધુ ચર્ચા કરવી જરૂરી જણાતી નથી. પરંતુ નેગોશીયેબલ ઇન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૯ તથા ૧૧૮ મુજબ જયારે ચેક લખનારે કોઇ ચેક વટાવવા લખેલ હોય ત્યારે તે ચેક લખનારે કાયદેસર ના લેણા પેટે લખેલ છે તેવુ અનુમાન કરવાનુ રહે છે. અને આરોપી એ તે કાયદેસર લેણા કે ચેક બાબતે પુરાવાથી અનુમાન થી વિરુદ્ધની હકીકત બાબતે ખંડન કરવાનુ રહે છે. જેથી ફરીયાદીએ રજૂ રાખેલ પુરાવા અને ફરિયાદને ધ્યાને લેતા આરોપીએ કાયદેસરના લેણા પેટે ચેક આપેલાનું અનુમાન કરવામા આવે છે. હવે ફરીયાદી કેસના અનુમાનને ખંડન કરવાની જવાબદારી આરોપીપક્ષ પર રહેલી છે. આમ, હાલના કેસમાં અનુમાનનું ખંડન કરવા બાબતે આરોપી તરફે નીચે મુજબના બચાવો લીધેલા છે. ફરીયાદીએ આપેલ નોટીસ આરોપીઓ ને મળેલ નથી, તેમજ ફરીયાદી એ આરોપીઓના ચેકો નો દુરઉપયોગ કરેલ છે જેવા મુખ્ય બચાવો લીધેલા છે.

**-|| મુદા નંબર ૧ બાબતે કારણો //-**

**(૮.૧)** તેમજ બચાવપક્ષે નોટીસ ન મળેલા નો બચાવ લીધેલ છે આમ, ફરીયાદી એ રજુ રાખેલ આંક ૧૪ ધ્યાને લેવામા આવે તો તા.૨૫/૦૬/૨૦૨૪ ના રોજ નોટીસ બુક કરેલ છે અને ૦૨/૦૭/૨૪ ના રોજ નોટીસ મુલદ મુકામે સ્વીકારેલ છે તેવો સ્પસ્ટ પુરાવો ફરીયાદ પક્ષે રજુ રાખેલ છે. તેમજ બચાવપક્ષે વીરૂધ્ધ ની હકીકત વાળો કોઇ પુરાવો રેકડ પણ બચાવપક્ષ્ લાવી શકેલ નથી. વધુમા, બચાવપક્ષ એ એવો નોટીસ બાબતે બચાવ લીધેલ છેકે નોટીસ મા ફરીયાદી કે ફરીયાદી ના વિવશ્રી ની

સહીઓ નથી. આમ, ઉપરોકત બચાવ બાબતે ચર્ચા કરવામા આવે તો નોટીસ ફરીયાદી એ રજીસ્ટર પોસ્ટ મારફતે મોકલેલાના પુરાવા ફરીયાદી એ આંક ૧૪ તથા ૧૫ થી રજુ રાખેલ છે તેમજ ફરીયાદી એ આંક ૧૩ થી નોટીસ ની સ્થળપ્રત રજુ રાખેલ અસલ નોટીસ તો આરોપી ને આપવામા આવેલ છે જો નોટીસ મા ફરીયાદી કે વિવશ્રી ની સહી ન હોય તો આરોપી ને મળેલ નોટીસ ની નકલો બચાવપક્ષ રજુ કરી શકત જે હાલના કામે બચાવપક્ષ સહી વગર ની નોટીસ રજુ કરી શકેલ નથી. આમ, બચાવપક્ષનો નોટીસ બાબત નો બચાવ માનવા લાયક જણાઈ આવતો નથી.

વધુમા, નોટીસ ન મળવા બાબતે**, નામદાર સુપ્રીમકોર્ટના માનનીય ન્યાયમૂર્તિ શ્રી એસ.બી.સિન્હા અને શીરીક જોસેફ સાહેબોએ** ***2009, G.L.R., Page No.484*** **ઉપર સુબોધ એસ. સાલસકર વિ. જયપ્રકાશ એમ. શાહના કેસમાં એવું ઠરાવેલું છે કે, ચેક લખનારને નોટિસ આપવાની જરૂરિયાત છે અને ચેક આપનારને ૧૫ (પંદર) દિવસમાં ચૂકવણી કરવાની જરૂરિયાત છે. ચેક લખનાર કે જેઓ તેવો દાવો કરતા હોય કે તેમને નોટિસ મળી નથી તો તેમણે કોર્ટનો સમન્સ મળ્યાના ૧૫ (પંદર) દિવસમાં ચૂકવણું કરવું જોઈએ. જો ચેક લખનાર ચૂકવણી કરવામાં નિષ્ફળ જાય તો સ્પષ્ટ રીતે એવી રજૂઆત કરી શકે નહીં કે, નોટિસની યોગ્ય બજવણી થઈ હતી નહીં.**

**આ જ સિદ્ધાંત** ***207(5) Supreme 277, Hon'ble Supreme Court of India, (From Kerala High Court at Ernakulam) C.C. Alavi***

***Haji- Appellant versus Palapetty Muhammed & Anr. - Respondents Appeal (Crl.) 767 of 2007 Decided on : 18-05-2007***

**નામદાર સુપ્રીમ કોર્ટના માનનીય ન્યાયમૂર્તિ શ્રીઓ કે.જી.બાલક્રિષ્નન, આર.વી.રવિન્દ્રન અને ડી.કે.જૈન સાહેબોએ આ ઉપરોક્ત ચુકાદાના પેરા નંબર-૧૭ માં નોંધેલ છે કે...**

> ***'It is also to be borne in mind that the requirement of giving of notice is a clear departure from the rule of Criminal Law, where there is no stipulation of giving of a notice before filing a complaint. Any drawer who claims that he did not receive the notice sent by post, can, within 15 days of receipt of summons from the court in respect of the complaint under Section 138 of the Act, make payment of the cheque amount and submit to the Court that he had made payment within 15 days of receipt of summons (by receiving a copy of complaint with the summons) and, therefore, the complaint is liable to be rejected. A person who does not pay within 15 days of receipt of the summons from the Court along with the copy of the complaint under Section 138 of the Act, cannot obviously contend that there was no proper service of notice as required under Section 138, by ignoring statutory presumption to the contrary under Section 27 of the G.C. Act and Section 114 of the Evidence Act. In our view, any other interpretation of the***

***proviso would defeat the very object of the legislation. As observed in Bhaskarans case (supra), if the giving of notice in the context of Clause (b) of the proviso was the same as the receipt of notice a trickster cheque drawer would get the premium to avoid receiving the notice by adopting different strategies and escape from legal consequences of Section 138 of the Act.***

આમ, નામદાર સુપ્રીમકોર્ટના ઉપરોકત ચુકાદાઓના સિદ્ધાંત ધ્યાને રાખતા આરોપીને આ કેસનો સમન્સ બજી ગયા પછી પણ નામદાર સુપ્રીમકોર્ટના ઉપરોક્ત ચુકાદાઓના સિદ્ધાંત અનુસાર હાલના આરોપીએ એટલે કે, ચેક લખનારે દિન-૧૫ (પંદર) માં ફરિયાદીને ચુકવણું કરેલ નથી અને કર્યું હોય તો તે બતાવવામાં આરોપી નિષ્ફળ ગયેલા છે. તે સંજોગોમાં ચેક લખનાર એટલે કે, આ કામના આરોપી સ્પષ્ટ રીતે એવી રજૂઆત કરવાને હક્કદાર નથી કે તેઓને નોટિસની યોગ્ય બજવણી થઈ હતી નહીં. આમ, હાલના કામે ફરિયાદીએ રજૂ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરેલ છે કે તેઓએ આરોપીને નિયત સમય મર્યાદામાં નોટિસની બજવણી કરેલ હતી તેવું અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે.

**-|| મુદા નંબર ૨ બાબતે કારણો //-**

**(૯.૧)** બચાવપક્ષનો મુખ્ય બચાવ ધ્યાને લેવામા આવે તો ગેરકાયદેસર રીતે ચેક મેળવેલા નો બચાવ લીધેલ છે પંરતુ તેવા બચાવ સંબધે કોઇ પ્રોબેબલ પુરાવો રેકડર

પર લાવેલ નથી. જેમ કે કઇ રીતે કઇ જગ્યાએથી આરોપીની સહી વાળો ચેક ફરીયાદીએ મેળવેલ તે બાબતે કોઇ ચોકકસ બચાવ રજૂ રાખેલ નથી, તેમજ એક તબકકે માની લેવામા આવે કે ફરીયાદી એ આરોપીની સહીવાળા ચેકનો દુરઉપયોગ કરેલ છે તો તે બાબતે કોઇ ફરીયાદ કે અરજી કે કાઇ કાયદેસરની કાયર્વાહી કરેલ હોય કે નોટીસ નો જવાબ આપેલ હોય તેવુ પણ કોઇ બચાવ બચાવપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. તેમજ બચાવપક્ષે ચેકમાં આરોપીની સહી નથી તેવો કોઇ બચાવ લીધેલ જ નથી. તેમજ ચેકોમા કરેલ સહી ફરીયાદીની કસ્ટડીમા કેવી રીતે આવેલ તે પણ બચાવપક્ષ ધ્વારા પ્રોબેબલ ડીફેન્સથી રજુ રાખી શકેલ નથી. આમ, ઉપરોકત બચાવ બાબતે ચર્ચા કરવામા આવે તો એ હકીકત બિનતકરારી છે કે ફરિયાદવાળા તકરારી ચેકમાં હાલના આરોપી નંબર ૧ ની સહી છે અને આરોપીએ જ ફરિયાદીને ચેક આપેલો છે. પરંતુ એક તબક્કે એવું સ્વીકારી લેવામાં આવે કે, તકરારી ચેકમાં આરોપીની માત્ર સહી છે જ્યારે તે સિવાયના બોડી રાઈટીંગ હાલના આરોપીના નથી કે જેતે સમયે કોરો ચેક હતો અથવા તો ચેકમાં આરોપીની માત્ર સહી છે અને બાકીની વિગત ફરિયાદીએ લખેલ છે તો પણ જ્યારે ચેકનો લખનાર તેમાં સહી કરીને આપે છે ત્યારે તે બાકીની વિગતો ભરવા ચેકના ધારણકર્તાને એક પ્રકારની સત્તા આપે છે તેવું સ્વીકારવામાં આવેલ છે.

ચેકમા આરોપી ની સહી હોય ત્યારે કલમ ૨૦ ધ્યાને લેવામા આવે તો....

***'' Inchoate stamped instrument- Where one***

***person signs and delivers to another a paper stamped in accordance with the law relating to negotiable instruments then in force in[india], and either wholly blank or having written thereon an incomplete negotiable instrument, he thereby gives prima facie authority to the holder thereof to make or complete, as the case may be, uplon it a negotiable instrument, for any amount specified therein and not exceeding the amount covered by the stamp. The person so signing shall be liable upon such instrument, in the capacity in which he signed the same, to any holder in due course for such amount:***

***Provided that no person other than a holder in due course shall recover from the person delivering the instrument anything in excess of the amount intended by him to be paid thereunder. ''***

આ સંદર્ભે એક્ટની કલમ 20 ની કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતાં જ્યારે ચેક

લખનાર વ્યક્તિ ચેકમાં સહી કરીને આપે છે ત્યારે તે ચેકના ધારણકર્તાને ચેકમાંની અન્ય વિગતો ભરવા માટે ગર્ભિત સત્તા આપે છે. આમ, ચેકમાં માત્ર સહી મહત્ત્વની છે જેથી આ તકરાર માનવાપાત્ર નથી.

આ સંદર્ભ રેકર્ડ ઉપરની હકીકતો જોતાં સી.આર.પી.સી. ૩૧૩ ના વિશેષ નિવેદનમાં આરોપીપક્ષે ઉપર મુજબની હકીકત જણાવેલ છે પરંતુ આવી હકીકત જણાવવા માત્રથી કે તે અન્વયેનો બચાવ લેવા માત્રથી તે માની શકાય નહીં. આમ, ઉપરોક્ત કલમ 20 મુજબ ચર્ચા કરેલ તે મુજબ જે જવાબદારીનું આરોપીપક્ષ વહન કરી શકેલા નથી એટલે કે પોતાની આ તકરારનુ ખંડન કરી શકેલા નથી.

**(૯.૨)** વધુમા, બચાવપક્ષે અન્ય બચાવ લીધેલ છે કે આરોપી સાથે ફરીયાદીનો કોઇ વ્યવહાર થયેલ જ નથી તેમજ નીશાની ૧૬ થી બાહેધરી કરાર રજુ રાખેલ છે જે ફરીયાદી અને આરોપી વચ્ચે મકાન ના બાંધકામ બાબતે ની રકમ બાબત નો છે જે બાહેધરી કરાર અન્વયે ના હાલ ના તકરારી ચેક આપેલાનુ પ્રાથમીક તબ્કકે જણાઇ આવે છે. વધુમા, આંક ૯ વાળો ચેક આંક ૧૬ મુજબ ના બાહેધરી કરાર મુજબ ના ચેકો નથી તેવુ પ્રોબેબલ ડીફેન્સ થી બચાવપક્ષ રેકર્ડ પર લાવી શકેલ નથી. કારણકે આંક ૧૬ વાળા આધારો મા હાલના કેસ ના ફરીયાદી તથા આરોપીઓ ની સહી છે જે દસ્તાવેજ નોટરીશ્રી સમક્ષ નોધાયેલ પણ છે જેમા સહીમત્તા ઓ પણ લીધેલાનુ સ્પસ્ટ પણે જણાઇ આવે છે.

વધુમા, **નામદાર સર્વોચ્ચ અદાલતે રીપુદમન વી. બાલક્રિષ્ના કીમીનલ**

**અપીલ નંબર ૪૮૩/૪૮૪/ ૨૦૧૯ ના ચુકાદા** મા ઠરાવેલ છેકે ...

***We find ourselves unable to accept the finding of the learned Single Judge of the High Court that the cheques were not issued for creating any liability or debt, but only for the payment of balance consideration and that in consequence, there was no legally enforceable debt or other liability. Admittedly, the cheques were issued under and in pursuance of the agreement to sell. Though it is well settled that an agreement to sell does not create any interest in immoveable property, it nonetheless constitutes a legally encforceable contract between the parties to it. A payment which is made in pursuance of such an agreement is hence a payment made in pursuance of a duly enforceable debt or liablity for the purposes of Section 138***

આમ, આંક ૧૬ વાળો બાહેધરી કરાર વાળો આધાર ન માનવવાને કોઇ કારણ નથી

જેથી બચાવપક્ષનો બચાવ પ્રોબેબલ ન હોય ટકવા પાત્ર જણાઇ આવતો નથી.

**(૯.૩)** આરોપી તરફે એવી તકરાર લેવામાં આવેલ છે કે, આરોપીનું સી.આર.પી.સી. ૩૧૩ નું વિશેષ નિવેદન લેવામાં આવેલ છે તેમાં પણ આરોપીપક્ષે જણાવેલ છે કે, આરોપીએ ખોટો કેસ કરેલ છે અને કોરા ચેકનો દુરુપયોગ કરેલ છે.

આ સંદર્ભે રેકર્ડ ઉપરની હકીકતો જોતાં સી.આર.પી.સી. ૩૧૩ ના વિશેષ નિવેદનમાં આરોપીપક્ષે ઉપર મુજબની હકીકત જણાવેલ છે તે સત્ય છે પરંતુ આવી હકીકત જણાવવા માત્રથી કે તે અન્વયેનો બચાવ લેવા માત્રથી તે માની શકાય નહીં. આરોપીપક્ષે તેવા કથનોને પુરવાર પણ કરવા જોઈએ. ફરિયાદીએ કેવી રીતે ચેકનો દુરુપયોગ કરેલ છે તેમજ ફરિયાદી પાસે આરોપીની સહી કરેલ ચેક કેવી રીતે આવેલ તે પણ બચાવપક્ષે પુરવાર કરેલ નથી. જેથી ચેકનો દુરુપયોગ કરી ખોટો કેસ કરેલાની હકીકત બિનતકરારી બને છે કે જે ચેક છે તે આરોપીએ જ આપેલો છે.

વધુમા, ફરીયાદીએ પોતાનો કેસ બીયોન્ડ રીજનેશન ડાઉટથી ધી નેગોશીયેબલ ઇનસ્યુમેન્ટ એકટમા પુરવાર કરવાની જવાબદારી રહેતી નથી. જેથી ફરીયાદીએ નોટીસ બાબતે કોન્ટ્રાડીકટરી પુરાવો આપેલ છે તેવો બચાવ માની શકાય નહી. કારણકે ધી નેગોશીયેબલ ઇનસ્યુમેન્ટ એકટ ની કલમ ૧૧૮ તથા ૧૩૯ મા કાયદેસર ના લેણા બાબતે ચેક આપેલાનુ અનુમાન કરવાનુ રહે છે. જેથી નોટીસ મા કોઇ બાબત જણાવેલ ન હોય અને ફરીયાદ મા નોટીસ નો ઉલ્લેખ બાબતે કોન્ટા્ડીકશન નો બચાવ ધી નેગોશીયેબલ ઇનસ્યુમેન્ટ એકટ એટલેકે હાલના કેસ મા લાગુ પડાવી શકાય નહી.

આમ, ઉપર કારણોમા ચર્ચા કરી તે મુજબ તે સાથોસાથ પ્રસ્તુત કેસમાં તો, આરોપીપક્ષે ચેકમાં પોતાની સહી પણ કબૂલ રાખેલ છે તેવા સંજોગોમાં આ ચેક કોઈ અવેજ પેટે આપવામાં આવેલ નથી તેવી હકીકત પુરવાર કરવાની જવાબદારી આરોપી ઉપર શીફટ થયેલ છે. જે જવાબદારીનું આરોપીપક્ષ રેકર્ડ આધારે જોતા વહન કરી શકેલા નથી, એટલે કે પોતાની આ તકરારનુ ઓનસ પુરવાર કરી શકેલા નથી. જેથી બચાવપક્ષે રજુ રાખેલ તમામ બચાવ ટકવાપાત્ર જણાતો નથી.

વધુમાં, બચાવપક્ષે લેખીત દલીલોમા જે ચુકાદાના ઉલ્લેખ કરેલ છે જે તમામ ચુકાદાઓ માન સહ રીતે વંચાણે લીધા પંરતુ રજુ કરેલ ચુકાદાઓની હકીકતો અને હાલના કેસની હકીકતો જુદી જુદી હોય જેથી લાગુ પડાવી શકાય નહી.

**(૧૦)** વધુમા, ફરીયાદી એ કૈલાસબેન પટેલ અને નરેન્દ્રભાઇ અંબારામભાઇ પટેલ આંક ૧૬ ના પક્ષકાર હોવાને નાતે આરોપીઓ બનાવેલ હોવાનુ મારુ માનવુ છે પંરતુ આંક ૯ વાળા તકરારી ચેક ને ધ્યાને લેવામા આવે તો કૈલાસબેન પટેલ ના નામનો ચેક મા ઉલ્લેખ છે, એટલેકે કૈલાસબેન પટેલ નાઓ એ પોતાના બેન્ક ખાતાનો ચેક જવાબદારી અદા કરવા આપેલાનુ જણાઇ આવે છે. જયારે તકરારી આંક ૯ વાળા ચેક મા કયાય આરોપી નંબર ૨ નરેન્દ્રભાઇ અંબારામભાઇ પટેલ ની સહી નથી કે તેઓના ખાતામાથી ચેક આપેલ હોય તેવુ પણ જણાઇ આવતુ નથી. જેથી આરોપી નંબર ૨ નરેન્દ્રાભાઇ અંબારામભાઇ પટેલ ને હાલના કેસ મા તકશીરવાર ઠરાવી શકાય નહી. તેમજ ઉપરોકત ચર્ચા કરી તે મુજબ આરોપી નંબર ૧ પ્રોબેબલ ડીફેન્સ રજુ રાખેલ હોવાનુ ફલીત થતુ નથી.

**(૧૧)** આમ, ઉપર કરેલ સઘળી ચર્ચાના અંતે એવું જણાય છે કે, આરોપી નંબર ૧ પોતાનો બચાવ સફળ રીતે કરી શકેલ નથી કે ફરિયાદી તરફેના કાયદેસરના અનુમાનનું ખંડન થાય તેવો કોઈ બચાવ રેકર્ડ ઉપર લાવેલા નથી. **વધુમાં, ૨૦૧૦ (૩) ક્રાઈમ્સ (એસ.સી.) ૪૦, રંગપ્પા વિરુદ્ધ શ્રી મોહનના ચુકાદામાં નામદાર સુપ્રીમકોર્ટ દ્વારા ઠરાવેલ છે કે,** ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ૧૮૮૧ ની કલમ-૧૩૮ હેઠળ ઈસ્યુ થયેલ ચેક કાયદેસરના દેવા કે જવાબદારી કે તેના ભાગ પેટે ઈસ્યુ કરેલાનું અનુમાન કરવાનું રહે છે અને તે અનુમાનનું ખંડન કરવાનો બોજો આરોપીના શીરે રહે છે. એકવાર જ્યારે ચેક આરોપીના ખાતાનો હોવાનું અને તેમાં તેમની સહી હોવાનું આરોપી કબૂલ રાખે ત્યારે ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૯ હેઠળનું અનુમાન ફરિયાદી તરફેણમાં કરવાનું રહે છે. હાલના કેસમાં આરોપીએ, ફરિયાદીની તેમની પાસે કોઈ બાકી લેણી રકમ રહેતી નથી કે ફરિયાદીને જે ચેક આપવામાં આવેલ છે તે ચેક કોઈ દેવા કે જવાબદારી પેટે આપવામાં આવેલ નથી તેવો કોઈ ખંડનાત્મક પુરાવો લાવેલા નથી. તે જોતાં આરોપી પોતાની સામે પડેલ પુરાવાનું અને એક્ટની કલમ-૧૧૮ અને ૧૩૯ મુજબના અનુમાનોનું ખંડન કરી શકેલ નથી કે ખંડનાત્મક પુરાવો રજૂ કરી શકેલ નથી. તેથી મુદ્દા નં.૧ નો નિર્ણય "હકારમાં" આપી આરોપીને ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ મુજબના ગુના અન્વયે આરોપી નંબર ૧ અતુલકુમાર ગોસાઇ ને તકસીરવાન ઠરાવવામાં આવે છે. જયારે આરોપી નંબર ૨ ઝંખનાબેન ના ઓ એ પોતાના ખાતાનો ચેક આપેલ ન હોવાથી નીદોર્ષ્ ઠરાવવામા આવે છે.

આ કેસમાં કાનૂની તથા હકીકતના ગુંચવણભર્યા પ્રશ્નોના કારણે હાથ પરના

કેસને સમરી ટ્રાયલ ન ચલાવતા સમન્સ ટ્રાયેબલ મુજબ ચલાવેલ છે. સમન્સ ટ્રાયેબલ કેસોમાં આરોપીને સજા અંગે સાંભળવા જરૂરી નથી, પરંતુ આરોપીને કુદરતી ન્યાય-નીતિના સિદ્ધાંતોને ધ્યાને લેતાં સજા અંગે કોઈ રજૂઆત કરવી હોય કે ખુલાસો કરવો હોય તેવા હેતુથી આરોપીને નંબર ૧ સજા અંગે સાંભળવા હુકમ કરવામાં આવે છે.

આજરોજ તારીખ: ૧૩ મી , માહે: માર્ચ સને ૨૦૨૬ ના રોજ આ હુકમ સહી કરી વાંચી સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૧૩ /૦૩ /૨૦૨૬

મુ.પલસાણા. **(જે.જે.આહુજા)**

જ્યુડિ. મેજિ. ફર્સ્ટ ક્લાસ, પલસાણા.

U.I.Code No.GJ01436

## સજા બાબતે હુકમ

**(૧૨)** આ કામના આરોપીને સજા અંગે કશું કહેવું છે કે કેમ તે અંગે પૂછતાં આરોપી તથા આરોપી તરફે તેમના વિ.વ.શ્રી જણાવે છે કે, સઘળા પરિવારની જવાબદારી તેમના પર છે તેમજ ઉંમર લાયક છે, આરોપીને ઘરમાં બાળકોની જવાબદારી તેના ઉપર છે. તેમજ આરોપી સામેનો પ્રથમ ગુનો છે તેમજ આરોપી મહીલા હોય અને આરોપીનો ભૂતકાળ કલંકિત નથી કે ગુનાથી ખરડાયેલ નથી જેથી આરોપી પર રહેમ રાખવા અરજ કરેલ છે. જયારે ફરીયાદ પક્ષે ફરીયાદી કે ફરીયાદી ના વિવશ્રી પોકાર કરતા હાજર નથી કે કોઇ રીપોર્ટ નથી આમ, ફરીયાદી કે ફરીયાદીના વિવશ્રી ગેરહાજરી મા હાલનો કેસ પેન્ડીંગ રાખી શકાય નહી.

**(૧૩)** બંને પક્ષકારોને સજાના મુદ્દે સાંભળ્યા બાદ જોતાં એવું જણાય છે કે, આ કામના આરોપી સામે જે કેસ ચલાવવામાં આવેલ છે તેમાં આરોપીને પોતાનો બચાવ કરવાની પૂરેપૂરી તક આપવામાં આવેલ છે. આમ, ગુણદોષ પર કેસ ચાલી ગયા બાદ પડેલ પુરાવા પરથી આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવેલ છે તે જોતાં આરોપીને તેની રજૂઆત પરથી ગુનાને હળવાશથી લઇ શકાય નહીં. હાલના સમયમાં આર્થિક વ્યવહારમાં ચેકનું મહત્ત્વ ઘણું વધી ગયેલ છે અને વેપાર વાણિજ્યમાં ચેક એ ધોરી નસ જેવું કામ કરે છે. આ કામે આરોપી સામે ગુનો કર્યાનું સાબિત થયેલ છે તેવા સંજોગોમાં

આરોપીને સખત સજા કે વધુ દંડ કરવો વ્યાજબી જણાતું નથી. કારણ કે જ્યારે આરોપીને પોતાના ગુનાની ગંભીરતાનો ખ્યાલ આવે તેવો સંજોગોમાં તેને દાખલારૂપ પણ સજા કરી શકાય અને કોર્ટનો આશય એવો નથી કે આરોપીને માત્ર સજા જ કરવી. તેવા સંજોગોમાં હાલના કેસમાં આરોપીને વર્તણૂંક તથા ચેકની રકમની ચૂકવણીને ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## આખરી હુકમ

**૧.** આ કામ ના આરોપી નંબર **(૨) નરેન્દ્રભાઇ અંબારામભાઇ પટેલ** રહે રહે.ડી-૨૭, રાધે રેસીડેન્સી વિભાગ-૨, મોજે મુળદ, તા.ઓલપાડ, જિ.સુરત. નાઓને **ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૫૫(૧) બીએનએસએસ ની કલમ ૨૭૮(૧) મુજબ ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮** અન્વયે ના ગુન્હા માથી નીદોર્ષ્ ઠરાવવાનો હુકમ કરવામા આવે છે.

**૨.** આ કામના આરોપી નંબર **(૧) કૈલાસબેન નરેન્દ્રભાઇ પટેલ.** રહે.ડી-૨૭, રાધે રેસીડેન્સી વિભાગ-૨, મોજે મુળદ, તા.ઓલપાડ, જિ.સુરત.નાઓને **ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૫૫(૨) બીએનએસએસ ની કલમ ૨૭૮(૨) મુજબ ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૧૩૮** અન્વયે તકસીરવાન ઠરાવવામાં આવે છે અને આરોપી નંબર **(૧) કૈલાસબેન નરેન્દ્રભાઇ પટેલ, ને ૧** વર્ષની સાદી કેદ **તથા રૂ.૧૦, ૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પુરા) નો રકમનો દંડ** કરવામાં આવે છે.

**૩.** આરોપીઓને આ હુકમની એક નકલ સી.આર.પી.સી.ની કલમ-૩૬૧(૧)

અન્વયે વિનામૂલ્યે આપવી.

**૪**. આરોપી નંબર **(૨)** નરેન્દ્રભાઇ અંબારામભાઇ પટેલ ના ઓએ રૂ.૫૦૦૦/- ના નવા સુધારેલ કાયદા અન્વયે એકવીટલ જામીન રજુ કરવાનો હુકમ કરવામા આવે છે.

**૫.** વધુમા, બચાવપક્ષે આંક ૪૨ મુજબ અરજી રજુ રાખેલ જે અરજી શરતી મંજુર કરી આરોપી એ રૂ. ૨૫૦૦૦/- ડીસ્ટીક્ટ લીગલ સર્વીસીસ એકટ અન્વયે ભરવા હુકમ કરવામા આવેલ જે મુજબ ની કોઇ રકમ ભરેલ હોવાનુ રેકર્ડ પર થી જણાઇ આવતુ ન હોય જેથી આજરોજ હુકમ જાહેર થયા ના દીન- ૩૦ મા આંક ૪૨ મુજબ ની રકમ આરોપી એ ભરવાનો હુકમ કરવામા આવે છે.

આજરોજ તારીખઃ ૧૩ મી , માહેઃ માર્ચ સને ૨૦૨૬ ના રોજ આ હુકમ સહી કરી વાંચી સંભળાવી ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૧૩ /૦૩ /૨૦૨૬

મુ.પલસાણા. **(જે.જે.આહુજા)**

જ્યુડિ. મેજિ. ફર્સ્ટ ક્લાસ, પલસાણા.

U.I.Code No.GJ01436

**-::ક્રિમિનલ કેસ નં.  ૧૯૦૪/ ૨૦૨૪ નાં કામે આંક - ૫૯ લગત હુકમ::-**

અરજી વંચાણે લીધી. ચુકાદો વંચાણે લીધો. પ્રાથમિક તબક્કે ચુકાદાના પેરા ૧૧ માં આરોપી નં. ૧ કૈલાસબેન પટેલની જગ્યાએ અતુલકુમાર ગોસાઇ અને આરોપી નં. ૨ નરેન્દ્રભાઇ પટેલની જગ્યાએ ઝંખનાબેનનુ નામ શરતચુકથી લખાઇ ગયેલ હોય. જેથી બીએનએસએસ ની કલમ ૪૦૩ મુજબ આરોપીઓના નામ ક્લેરીકલ ભુલ તેમજ શરતચુકથી લખાઇ ગયેલ હોય જેથી આખરી ચુકાદાના પેરા ૧૧ મા નીચે મુજબનો સુધારો કરવાનો હુકમ કરવામા આવે છે.

**: હુકમ :**

"**આરોપી નં. ૧** અતુલભાઇ ગોસાઇ**ની જગ્યાએ કૈલાસબેન નરેન્દ્રભાઇ પટેલને તકસીરવાન ઠરાવવામા આવે છે. જ્યારે આરોપી નં. ૨** ઝંખનાબેન**ની જગ્યાએ નરેન્દ્રભાઇ અંબારામભાઇ પટેલનાઓને પોતાના ખાતાનો ચેક આપેલ ન હોવાથી નિર્દોષ ઠરાવવામાં આવે છે.**"

હાલના હુકમની અસર આખરી હુકમમા કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:- ૧૩/૦૩/૨૦૨૬
સ્થળ :- પલસાણા

(જે જે આહુજા)
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ
પલસાણા-સુરત
**કોડ નં. જી.જે.૦૧૪૩૬**